ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

રવિવારે વહેલી સવારથી જ વિવિધ તળાવો તેમજ નદી કિનારે ગણપતિ વિસર્જન માટે શ્રદ્ધાળુઓ પહોંચ્યા

ગણપતિ બાપાના જયઘોષ સાથે સાતમા દિવસે શ્રીજીને ભાવભેર વિદાય

આણંદ જિલ્લામાં વહેલી સવારથી તળાવો-નદી કિનારે ભક્તોની ભીડ, મોડી સાંજ સુધી વિસર્જન યાત્રાઓ નીકળી

(પ્રતિનિધિ) આણંદ તા ૨૦

આણંદ જિલ્લામાં ગણેશોત્સવના પર્વને લઈને ભક્તિભાવ અને ઉત્સાહ છવાયેલો છે. ત્યારે રવિવારે સાતમા દિવસે ખૂબ મોટી સંખ્યામાં ગણપતિ વિસર્જન સાથે વિઘ્નહર્તા ગણપતિ દાદાની ભાવભરી વિદાય માહોલ જોવા મળ્યો હતો. આણંદ જિલ્લામાં અનેક શ્રદ્ધાળુઓ દ્વારા ઘરમેળે તેમજ જાહેર ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સાત દિવસ પૂર્ણ થતાં શ્રદ્ધાળુઓએ ગણપતિ બાપાની મૂર્તિને વાજતે-ગાજતે વિદાય આપી હતી.

આણંદ જિલ્લાના શહેરો અને વિવિધ ગામોમાં શ્રદ્ધાળુઓ પોતાની આસ્થા અને પરંપરા મુજબ એક, ત્રણ, પાંચ, સાત, નવ તેમજ અગિયાર દિવસ માટે ગણપતિજીની સ્થાપના કરી પૂજા-અર્ચના કરતા હોય છે. જેમાં સાત દિવસીય ગણેશોત્સવ પૂર્ણ થતાં રવિવારે વહેલી સવારથી જ વિવિધ તળાવો તેમજ નદી કિનારે ગણપતિ વિસર્જન માટે શ્રદ્ધાળુઓ પહોંચ્યા હતા. ગણપતિ બાપાના જયઘોષ સાથે ભક્તોએ ઢોલ-નગારાના તાલે અને વાજતે-ગાજતે શ્રીજીની મૂર્તિને વિસર્જન માટે લઈ જઈ ભાવપૂર્વક વિદાય આપી હતી.

રવિવારની રજા હોવાથી સવારની સાથે સાંજના સમયે પણ ગણપતિ વિસર્જન માટે મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા. અનેક સ્થળોએ પરિવારજનો તેમજ મિત્રમંડળીઓ દ્વારા સામૂહિક રીતે વિસર્જન કરવામાં આવ્યું હતું. વિસર્જન પ્રસંગે 'ગણપતિ બાપા મોરિયા, આવતા વર્ષે વહેલા આવજો'ના જયઘોષથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક વર્ષોથી આણંદ જિલ્લામાં ગણેશોત્સવની ઉજવણીમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. જાહેર મંડળો ઉપરાંત ઘરમેળે ગણપતિજીની સ્થાપના કરવાની પરંપરા પણ વધુ પ્રચલિત બની રહી છે. એક દિવસથી લઈને અગિયાર દિવસ સુધી ગણપતિજીની સ્થાપના કરી શ્રદ્ધા-ભક્તિપૂર્વક પૂજા-અર્ચના કર્યા બાદ નિયત દિવસ પૂર્ણ થતાં હવે તબક્કાવાર વિસર્જનનો દોર શરૂ થયો છે. આગામી દિવસોમાં પણ જિલ્લામાં વિવિધ સ્થળોએ ગણપતિ વિસર્જન યાત્રાઓ જોવા મળશે.

ગાંધીનગરના 'આઇએએસ' નું હોવાનું આઇકાર્ડ બતાવી નાયબ મામલતદાર બનાવવાની લાલચ આપી

આણંદમાં નકલી 'IAS' બની ફરતો શખ્સ પકડાયો

ઝેરોક્ષની દુકાને બનાવટી આઇકાર્ડ બતાવી સરકારી નોકરીની લાલચ આપી ૭.૭૦ લાખ પડાવ્યા

(પ્રતિનિધિ) આણંદ તા.૨૦

આણંદના ગામડીમાં રહેતા ગઠિયાએ ગાંધીનગર કલેક્ટર કચેરીના ડેપ્યુટી કલેક્ટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (આઇએએસ) હોવાનું બનાવટી આઈકાર્ડ બતાવી નાયબ મામલતદારની સીધી ભરતીમાં નોકરી અપાવવાની લાલચ આપી ૭.૭૦ લાખની છેતરપિંડી આચરી હતી. આ બોગસ આઈએએસ અધિકારીને આણંદ ટાઉન પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

આણંદ જિલ્લા પોલીસ અધિક્ષક જી.જી. જસાણીને બાતમી મળી હતી કે, કેટલાક ઇસમો નાગરિકોને અલગ-અલગ સરકારી કચેરીના અધિકારી હોવાની ખોટી ઓળખ આપી પૈસા પડાવી રહ્યા છે, જેથી કાયદેસરની કાર્યવાહી કરવા ખાસ આદેશ અપાયા હતા. આ માર્ગદર્શન હેઠળ આણંદ વિભાગીય પોલીસ અધિકારી જે.એન. પંચાલના સુપરવિઝનમાં આણંદ ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર જે.એસ. કંડોરિયા તથા પોલીસ સબ ઇન્સ્પેક્ટર એસ.બી. ઝાલાની ટીમે તપાસ ચક્ર ગતિમાન કર્યા હતા.

દરમિયાનમાં ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ આણંદના સંકેત-બાકરોલ રોડ સ્થિત શ્રીવિહાર સોસાયટી ભાગ-૮માં રહેતા અને ઝેરોક્ષનો વ્યવસાય કરતા ૮૭ વર્ષીય વયોવૃદ્ધ નીરજકુમાર ભૂપેન્દ્રભાઈ પટેલે આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદ મુજબ, આણંદના ગામડી સ્થિત સાલેમનગર સોસાયટીમાં રહેતો રોનક સુધીરભાઈ ક્રિશ્ચિયન તેમની ઝેરોક્ષની દુકાને આવતો-જતો હતો.આ પરિચયમાં રોનક ક્રિશ્ચિયને પોતે ગાંધીનગર ખાતે 'આઈએએસ ડેપ્યુટી કલેક્ટર એન્ડ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ' હોવાનો દાવો કર્યો હતો. તેણે પોતાનું નામ અને ફોટો ધરાવતું કલેક્ટર એન્ડ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ ગાંધીનગરના નામનું બનાવટી આઈડી કાર્ડ બતાવી ફરિયાદીને વિશ્વાસમાં લીધા હતા. બાદમાં નીરજકુમાર અને સાક્ષી સોનિકભાઈને નાયબ મામલતદારની સીધી ભરતીમાં નોકરી અપાવવાની લાલચ આપી તેમની પાસેથી રોકડા રૂ. ૭.૭૦ લાખ મેળવી લીધા હતા. નાણાં મેળવ્યા બાદ નોકરી ન અપાવી કે રકમ પરત ન આપી છેતરપિંડી આચરતાં આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો રજિસ્ટર કરાયો હતો.

આ ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ સર્વેલન્સ સ્કવોડની ટીમે હ્યુમન સોર્સીસ અને ટેકનિકલ એનાલિસિસના આધારે ત્વરિત કાર્યવાહી કરી ગણતરીના કલાકોમાં ભેજાબાજ આરોપી રોનક ક્રિશ્ચિયનને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી ગાંધીનગર કલેક્ટર એન્ડ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટના નામનું બનાવટી આઈડી કાર્ડ, લેપટોપ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

બે દિવસના રિમાન્ડ મેળવ્યાં

આણંદના ગામડી ગામના રોનક ક્રિશ્ચિયને એઆઈનો ઉપયોગ કરી આઇકાર્ડ બનાવ્યું હતું. આ અંગે પોલીસે તેના લેપટોપની તપાસ હાથ ધરી છે. આ ઉપરાંત તેની વધુ પુછપરછ માટે બે દિવસના રિમાન્ડ મેળવ્યાં છે. આ રિમાન્ડ દરમિયાન તેણે અન્ય કોઇ સાથે છેતરપિંડી આચરી છે કે કેમ ? અને નાણા પડાવ્યા તે ક્યાં રાખ્યાં છે ? તે સહિતની બાબતો અંગે સઘન પુછપરછ કરવામાં આવશે. પોલીસ તપાસમાં રોનકે રોલો પાડવા એઆઈની મદદથી ન્યૂઝ કટીંગ પણ બનાવ્યાં હતાં. જેમાં તેણે આઇએએસ તરીકે ઉત્કૃષ્ટ કામગીરી બજાવી હોવાની વિગતો વર્ણવી હતી.

પરિવારના અન્ય કોઈ વારસદારો હયાત ન હોવાનું ખોટું સોગંદનામું બનાવ્યું

નડિયાદમાં બોગસ પેઢીનામું બનાવી ભત્રીજાએ કાકાની જમીન પચાવી પાડી

બનાવટી પેઢીનામાના આધારે સિટી સર્વેમાંથી વારસદારોના નામ કમી કરાવ્યાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૦

નડિયાદમાં વડીલોપાર્જિત મિલકત હડપ કરવા સગા ભત્રીજાએ હયાત વારસદારોની જાણ બહાર ખોટું પેઢીનામું બનાવી સિટી સર્વે રેકોર્ડમાં પોતાનું નામ દાખલ કરાવવાનું મોટું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. આ મામલે ભોગ બનનાર કાકાની લેખિત રજૂઆત બાદ જિલ્લા જમીન તકેદારી સમિતિની તપાસ અને કલેક્ટરના આદેશથી નડિયાદ ટાઉન પોલીસે ભત્રીજા સામે કાયદેસરનો ગુનો દાખલ કર્યો છે.

નડિયાદના પવનચક્કી રોડ પર આવેલી કારમેલ સોસાયટીમાં રહેતા અશોક મણીભાઈ વૈદ, તેમના મોટાભાઈ ગીરીશ અને ચાર બહેનોનો સંયુક્ત પરિવાર છે. ગીરીશના પુત્ર વિજય વૈદે ૧૮ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ નડિયાદના કવેરી પ્લાઝામાં નોટરી પ્રવીણ રોહિત સમક્ષ પરિવારના અન્ય કોઈ વારસદારો હયાત ન હોવાનું ખોટું સોગંદનામું રજૂ કર્યું હતું. વિજય વૈદે આ બનાવટી પેઢીનામાનો સાચા દસ્તાવેજ તરીકે ઉપયોગ કરી સિટી સર્વે કચેરીમાંથી કાયદેસરના હયાત વારસદારોના નામ રદ કરાવ્યા હતા અને ઠેઠાવાડીયા વિસ્તારના સર્વે નંબર ૧૨૨ પૈકીની જમીન પરના મકાન તથા પ્લોટ પર પોતાનું એકલાનું નામ દાખલ કરાવી દીધું હતું.

આ કાવતરાની જાણ થતાં અશોક મણીભાઈ વૈદે કલેક્ટર કચેરી ખાતેની જિલ્લા જમીન તકેદારી સમિતિમાં પુરાવા સાથે લેખિત રજૂઆત કરી હતી. સમિતિ દ્વારા દસ્તાવેજો અને સિટી સર્વે રેકોર્ડની ઝીણવટભરી ચકાસણીમાં કૌભાંડ બહાર આવતાં કલેક્ટર કચેરી દ્વારા ફોજદારી કાર્યવાહીનો આદેશ આપવામાં આવ્યો હતો.

આ આદેશ અંતર્ગત અશોક વૈદે નડિયાદ ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ભત્રીજા વિજય વૈદ સામે ગુનો દાખલ કરી પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાસદ:રૂ૨૫.૮૧ લાખનો દારૂ ભરેલી ટ્રક પકડાઇ

મધ્યપ્રદેશથી રાજકોટ દારૂ લઇ જતા રાજસ્થાનના ૨ શખ્સોની ધરપકડ

(પ્રતિનિધિ) આણંદ તા.૨૦

આણંદ એલસીબી પોલીસે બાતમીના આધારે સિમેન્ટની થેલીઓની આડમાં ચોરખાનું બનાવી ૧૦,૦૮૦ બોટલ વિદેશી દારૂ ભરેલો ટ્રક ઝડપી પાડ્યો છે. પોલીસે દારૂ, ટ્રક અને મોબાઈલ સહિત કુલ રૂ. ૩૬.૦૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી રાજસ્થાનના ચાલક અને ક્લીનરની અટકાયત કરી છે.

આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે, સફેદ કલરની ટ્રકમાં સિમેન્ટની આડમાં વિદેશી દારૂનો જથ્થો વાસદ તરફથી બગોદરા તરફ લઈ જવાઈ રહ્યો છે. જેના આધારે પોલીસે કંથારીયા ઓવરબ્રિજના છેડે વોચ ગોઠવી ટ્રક રોકી તપાસ કરી હતી. ટ્રકની અંદર તપાસ કરતા ૯૫ સિમેન્ટની થેલીઓ પાછળ લોખંડના એંગલોથી બનાવેલા ગુપ્ત ખાનામાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૨૧૦ પેટી કિંમત રૂ. ૨૫,૮૧,૯૨૦ મળી આવી હતી.

આથી, પોલીસે સ્થળ પરથી ટ્રક ચાલક દેવીલાલ વજેરામ તથા ક્લીનર પ્રકાશ શંકરજી (બંને રહે. ચિત્તોડગઢ) ની અટકાયત કરી પૂછપરછ કરતાં નીંબાહેડાના નાસીરખાન પઠાણ અને કોલ કરનાર શખ્સો મારફતે આ જથ્થો મધ્યપ્રદેશના મેઘનગરથી ભરી રાજકોટ પહોંચાડવાનો હોવાની કબૂલાત મળી છે. આ ઘટના અંગે વાસદ પોલીસે ગુનાખોરીમાં સંડોવણી ધરાવતા તમામ શખ્સો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મિત્રતાની આડમાં સરપંચે વીડિયો વાયરલ કરવાની ધમકી આપી હોટલમાં પણ કૂકર્મ આચર્યું

આંકલાવના નવાખલ ગ્રામપંચાયતના સરપંચે પરિણીતા પર દૂષ્કર્મ આચર્યું

સરપંચ દિલીપ ઉર્ફે દીપો સોલંકી સામે પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી

(પ્રતિનિધિ) આંકલાવ તા.૨૦

આંકલાવ તાલુકાના નવાખલ ગામના સરપંચ દ્વારા મિત્રતા અને સહાયની આડમાં મહિલા પર અવારનવાર દૂષ્કર્મ ગુજારવા તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપવાની ગંભીર ઘટના સામે આવી છે.

નવાખલનો સરપંચ દિલીપ ઉર્ફે દીપો ભાઈલાલ સોલંકી ભોગ બનનાર મહિલાના પતિના મિત્ર થતા હતા. આ સંબંધમાં સરપંચ અવારનવાર મહિલાના ઘરે જતા હતા અને 'તમારે કંઈપણ કામ કે મારી જરૂર હોય તો કહેજો, હું તમારી તમામ મદદ કરીશ.' તેમ કહી વિશ્વાસ કેળવ્યો હતો. જો આ વાત કોઈને કહેશે તો જાનથી મારી નાખવાની તથા વિડીયો ઉતારીને ફેસબુક પર મૂકી દેવાની ધમકી આપી હતી.

આ ઘટના બાદ ૦૩જી સપ્ટેમ્બર,૨૦૨૬ના રોજ આસોદર ચોકડી આગળ સરપંચે મહિલાને 'હાલ મારી સાથે હોટલમાં આવ, નહીંતર હું તારા પતિને તમામ વાત કહી દઈશ.' તેવી ધમકી આપી હતી. મહિલાને હોટલમાં લઈ જઈ ફરીથી મરજી વિરુદ્ધ બળાત્કાર ગુજાર્યો હતો અને જતાં-જતાં 'હું કહું ત્યારે જ મારી સાથે વાત કરવાની અને મળવા આવવાનું, નહીં આવે તો તેમજ આ વાત કોઈને કરીશ તો જાનથી મારી નાખીશ.' તેવી ધમકીઓ આપી હતી.આ સમગ્ર મામલે આંકલાવ પોલીસ મથકે સરપંચ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

નવાખલના સરપંચ દિલીપ સોલંકી સામે રોષ

આંકલાવના નવાખલના સરપંચ દિલીપ ઉર્ફે દીપો સોલંકી સામે ગંભીર બનાવ સામે આવતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે. સોશિયલ મીડિયા પર શારીરિક દિવ્યાંગતા અને સંઘર્ષની ગાથાને કારણે 'બબ્બર શેર' ગણાવી ગામલોકોએ જેમને સરપંચ પદે બેસાડ્યા હતા, તે જ દિલીપ સોલંકી સામે મદદ અને મિત્રતાની આડમાં મિત્રની જ પત્નીને હવસનો શિકાર બનાવી હતી.

ખાનપુરમાં કારચાલકે યુવકને બોનેટ પર ૪ કિમી સુધી ઘસડ્યો

(પ્રતિનિધિ) ખાનપુર તા.૨૦

ખાનપુર તાલુકાના ગાંગટા ગામ પાસે અકસ્માત બાદ એક યુવકને કારના બોનેટ પર આશરે ચાર કિલોમીટર સુધી પુરઝડપે ઘસડવાનો સનસનાટીભર્યો બનાવ સામે આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મયુર પટેલ પોતાના મિત્ર સાથે ગાંગટા ગામ નજીક ઈનોવા કાર લઈને રસ્તાની બાજુમાં ઉભા હતા, ત્યારે પાછળથી આવેલી એક ક્રિયા કારે તેમની ઈનોવાને ટક્કર મારી હતી. આ અકસ્માત બાદ ક્રિયા કારચાલક ભાગી જતાં મયુર પટેલ અને તેમના મિત્રએ ઈનોવા કારમાં તેનો પીછો કર્યો હતો. બાબલીયા નજીક ટ્રાફિક હોવાથી ક્રિયા કાર ઊભી રહેતાં મયુર પટેલે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો.પરંતુ કારચાલકે ભાગવાનો પ્રયાસ કરતાં મયુર પટેલ કારના બોનેટ પર ચડી ગયા હતા અને વાઈપર પકડીને પોતાનો બચાવ કર્યો હતો. આમ છતાં કારચાલકે ગાડી ઊભી રાખવાને બદલે પુરઝડપે દોડાવી બાબલીયાથી ચોરીવાડ ચોકડી સુધી આશરે ચાર કિલોમીટર સુધી મયુર પટેલને બોનેટ પર જ રાખ્યા હતા. ચોરીવાડ ચોકડી નજીક કારચાલકે યુ-ટર્ન લેતા મયુર પટેલ નીચે પટકાતા ઈજાગ્રસ્ત થયા હતા. બાદમાં કારચાલક ડિવાઈડર ઉપરથી કાર ચઢાવી ભાગી ગયો હતો. પરંતુ કાલીયાકુવા તરફના રસ્તા પર સામેથી બસ આવી જતાં ક્રિયા કાર અટકી ગઈ હતી. પોલીસે સ્થળ પર પહોંચી રાજસ્થાનના રહેવાસી કારચાલક સંદીપ જાટ અને તેમની સાથે બેઠેલા દેવીસિંહ દેવરાને પકડી પાડ્યા હતા. કારમાંથી બીયરનું ખાલી ટીન મળતાં બાકોર પોલીસે બન્ને સામે ગુનો નોંધ્યો હતો.

ભાદરવી નોમની ઉજવણી, રામદેવપીરના મંદિરોમાં નેજા ચઢાવાયા

ચરોતર પંથકમાં આખ્યાન અને ભજનોની રમઝટ, ગામેગામ ભક્તિમય માહોલ છવાયો

(પ્રતિનિધિ) આણંદ તા ૨૦

ચરોતર પંથકમાં ભાદરવા સુદ નોમના પવિત્ર પર્વે અનોખો ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. ચરોતરના ગામે ગામ આવેલા રામદેવપીર (રામાપીર) ના મંદિરોમાં બાબાના નેજા (પંચરંગી ધજા) ચઢાવવા માટે વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. જય બાબારી અને રામાપીરની જય ના ગગનભેદી જયઘોષ સાથે પંથક ભક્તિના રંગે રંગાયો હતો.

ચરોતરના વિવિધ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાંથી ભક્તો દ્વારા ભવ્ય શોભાયાત્રાઓ અને રથયાત્રાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈને અબાલ-વૃદ્ધ સૌ કોઈ હાથમાં પંચરંગી નેજા ધારણ કરી શ્રદ્ધાપૂર્વક પદયાત્રા કરીને રામદેવપીરના મંદિરે પહોંચ્યા હતા. ઢોલ-નગારા, શરણાઈઓ અને ડીજેના તાલે ભક્તો ઝૂમી ઉઠ્યા હતા અને મંદિરોના શિખર પર ભક્તિભાવપૂર્વક નેજા ચઢાવી ધન્યતા અનુભવી હતી.

ભાદરવી નોમના આ અવસરે ચરોતરના અનેક વિસ્તારોમાં રાત્રિ જાગરણ અને ભજન સંધ્યાના આયોજનો કરાયા હતા. જાણીતા ભજનિકો અને કલાકારો દ્વારા રામદેવપીરના જીવન ચરિત્ર પર આધારિત આખ્યાનો રજૂ કરવામાં આવ્યા હતા. હેલા, નેજા ઉત્સવ અને બાબારીના પરચાઓ વર્ણવતા ભજનોની રમઝટ સાથે શ્રદ્ધાળુઓ ભક્તિરસમાં તરબોળ રહ્યા હતા

મંદિરોમાં દર્શનાર્થે આવતા હજારો શ્રદ્ધાળુઓ માટે ભવ્ય ભંડારા (મહાપ્રસાદ) નું આયોજન કરવામાં આવ્યું હતું. ભાદરવી નોમના દિવસે બાબાના દર્શન કર્યા બાદ પ્રસાદ લેવાનું વિશેષ મહત્વ હોવાથી મંદિરોના ટ્રસ્ટ અને સ્થાનિક યુવક મંડળો દ્વારા વ્યવસ્થિત આયોજન કરાયું હતું, જેમાં ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

માર્ગો પરથી પસાર થતા નેજાધારી પદયાત્રીઓ અને સંઘો માટે ઠેર-ઠેર સેવા કેમ્પો શરૂ કરવામાં આવ્યા હતા. સેવાભાવી યુવક મંડળો અને અગ્રણીઓ દ્વારા પદયાત્રીઓ માટે ચા-નાસ્તો, ઠંડુ પાણી, છાશ તેમજ ગરમાગરમ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત પગપાળા જતા ભક્તો માટે આરામ કરવાની અને મેડિકલ સહાયની સુવિધા પણ સેવા કેમ્પોમાં ઉપલબ્ધ કરાવાઈ હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225